सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૭ ડિસેમ્બર -૨૦૦૭ અંક - ૩

## વાલીઓને....

સામાન્ય રીતે આજે શાળાઓ અને કોલેજોની આસપાસ ખાણીપીણીના ગલ્લાઓ હોય છે. વિદ્યાર્થીઓ રિસેસમાં આ ગલ્લા પરથી વાનગીઓ ખરીદતા હોય છે. આ વાનગીઓની ગુણવત્તા અને આરોગ્ય માટેના ધારાધોરણો ઘણીવાર સચવાયેલા હોતા નથી એટલું જ નહી પણ વિદ્યાર્થીઓને ખોટા ખર્ચા કરવાની ટેવ પડે છે.

આ શાળા એટલી નસીબદાર છે કે આ દૂષણથી વંચિત રહી શકી છે. વિદ્યાર્થીઓને શાળાના સમય દરમ્યાન બહાર જવા દેવામાં આવતા નથી આ માટે ઠીક ઠીક કાળજી રાખવામાં આવે છે. સંજોગો પણ આ માટે અનુકૂળ રહ્યા છે. ઘણાં વાલીઓને આ વ્યવસ્થા ખૂબ ગમે છે તેનો આનંદ પણ વ્યક્ત કરતાં હોય છે.

વિદ્યાર્થી રિસેસમાં નાસ્તો કરી શકે તે માટે વાલી થોડીક કાળજીપૂર્વક પૌષ્ટિક નાસ્તો તૈયાર કરીને આપે તે આદર્શ પરિસ્થિતિ છે. આ માટે બાળકને રૂચિ થાય તેવા અનેક પ્રકારના નાસ્તા ઘરમેળે બનાવી શકાતા હોય છે અને તે માટે બહુ સમય આપવો પડતો નથી એટલું જ નહી પણ વિદ્યાર્થી ભાખરી શાક,ખાખરા જેવી વાનગીઓ લઈને રીસેસમાં નાસ્તો કરે તે જરૂરી છે.ભૂતકાળમાં આ અંગે કેટલાક વિદ્યાર્થી સાથે મળીને ઘરની વિવિધ વાનગીઓ એક બીજા સાથે આપ લે કરતાં પણ જોવા મળ્યા છે એટલું જ નહી પણ કોઈ ચોક્કસ વાનગી જેવી કે ભેળ બનાવવા માટે આ અંગે જવાબદારીની વહેંચણી કરી લેતાં હોય છે. વાલીઓ આ બાબતમાં ઘણું કરી શકે તેમ છે અને જાગૃત વાલીઓનો અમને એમાં સહકાર મળે તેવી અપેક્ષા.

હું એ પણ જણાવવું જરૂરી સમજું છું કે બીન આરોગ્યપ્રદ ઠંડા પીણાથી બાળકોને નુકશાન થાય છે, આરોગ્યને નુકશાન કરે છે તે બાળકને સમજાવવું અને તેવા પીણા શાળામાં તો ન જ લાવે પરંતુ સામાન્ય રીતે પણ તેનાથી દૂર રહેવાનું વલણ કેળવવાનું બાળકને શીખવવું જોઈએ.

એક વસ્તુ આ પ્રસંગે જણાવવી જરૂરી ગણું છું, શાળા છૂટે ત્યારબાદ નજીકમાં આવેલા કેટલાક પાર્લરો ઉપર વિદ્યાર્થીઆના ટોળા જોવા મળે છે. આને કારણે વિદ્યાર્થીઓને ખર્ચ કરવાની ખોટી ટેવ તો પડે છે પરંતુ પૈસાનું મહત્વ અને તેની કિંમત સમજવા માટેની તક તેને નથી મળતી. વિદ્યાર્થીને ખર્ચ કરવા માટે જયારે પૈસા અપાય ત્યારે સાથે સાથે તે કરકસરપૂર્વક અને યોગ્ય જગ્યાએ તેનો યોગ્ય ઉપયોગ કરે તેની સમજણ આપવાની વાલીની ઘણી મોટી જવાબદારી છે એમ હું માનું છું.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિ ચિત્રો સિલોન(શ્રીલંકા) પ્રવાસ

અમે ૧૯૬૯માં શ્રીલંકા(સિલોન)ગયા હતા. ફરીથી સિલોનનો પ્રવાસ ગોઠવવાનું આયોજન વિચારતા હતા, પરંતુ રેલ્વે ડબ્બાઓની અછતને કારણે પ્રવાસ માટેના રિઝર્વેશન ડબા રેલ્વેએ આપવાના બંધ કર્યા હતા. આમ છતાં હું આ માટે પ્રયત્ન કરતો હતો ત્યારે અમદાવાદના ઓપરેટીંગ સુપરીટેન્ડન્ટે મને જણાવ્યું કે ચર્ચગેટ ઓફીસમાં ચીફ ઓપરેટીંગ ઓફીસર શ્રી રાઘવનને તમે મળો. તે સમયે શ્રી યોગેન્દ્રભાઈ મકવાણા કેન્દ્રના પ્રધાનમંડળમાં હતાં, અને તેમણે મારૂ નામ રેલ્વે સલાહકાર બોર્ડમાં મૂકવા સૂચન કર્યું હતું તે અમદાવાદનાં આ ઓફીસર જાણતા હતાં એટલે તેમણે મને આ સૂચન સાથે એમ પણ જણાવ્યું કે હું તમને સહકાર જરૂર આપીશ.

આ કારણે હું મુંબઈ ગયો અને શ્રી રાઘવનને મળ્યો. શાળાના પ્રવાસોની વિગતે વાત કરી. તેમણે સહાનુભૂતી તો દર્શાવી પણ સાથે સાથે રેલ્વેના ડબાની તંગીને કારણે તેઓ ડબા ફાળવી શકે તેમ નથી તે ભારપૂર્વક જણાવ્યું. એમની વાતમાંથી હું એ જાણી શક્યો કે બ્રોડગેજના ડબા તો ન જ આપી શકે. અમારે સિલોન શ્રીલંકા જવાનું હતું એટલે મીટરગેજનો ડબો ઉપયોગી ન બને તેમ જણાવતાં મે તેમને વિનંતિ કરી કે તમે મીટરગેજનો ડબો આપશો તો પણ હું સ્વીકારીશ. તેમને થોડી નવાઈ લાગી પણ આ વિનંતિ તેમણે સ્વીકારી.

બીજે દિવસે રેલ્વેનો કાર્યક્રમ તૈયાર કરીને હું તેમને ફરીથી મળ્યો. સિલોન માટેનો આ કાર્યક્રમ જોઈ તેમને થોડી નવાઈ લાગી અને પૂછયું આટલા લાંબા રૂટથી જશો ? મેં પૂછયું મારે માટે બીજો વિકલ્પ ક્યાં છે? તેમણે મને જણાવ્યું કે કાર્યક્રમ મુજબ તમને રીઝર્વેશન ડબાનું કન્ફરમેશન અઠવાડિયામાં મળી જશે.

બે અઠવાડિયામાં આ ડબો ફાળવતો પત્ર મળતાં અમે શ્રીલંકાના યાદગાર પ્રવાસનું આયોજન કર્યું. અમારે જવાનું હતું દક્ષિણમાં અને અમારા આ પ્રવાસની શરૂઆત થતી હતી ઉત્તરના સ્થળોએથી એટલે સૌને કાર્યક્રમથી નવાઈ લાગે તે સ્વાભાવિક હતું. સાથે સાથે ત્યારબાદ ક્યારેય આટલા લાંબા દિવસ માટેનો અને રિઝર્વેશન ડબા ધ્વારા શાળાનો પછી કોઈ પ્રવાસ શક્ય નથી બન્યો. પરંતુ આ પ્રવાસ અનેક રીતે યાદગાર બની ગયો. એ વિશે અનુકૂળતા મુજબ સ્મૃતિચિત્રોમાં તે જણાવતો રહીશ.

**દિનુભાઈ દવે**

બાળક સાથે કામ કરવું ખૂબ અઘરૂ છે અને મા બાપની તે માટેની ભાગ્યે જ તૈયારી હોય છે. પોતાના ખરાં ખોટાં ખ્યાલો પ્રમાણે મા બાપ બાળકો સાથે વર્તે છે અને બાળક તથા પોતાને માટે પ્રશ્નો સર્જે છે.

માણસનું ઘડતર સ્કુલ-કોલેજમાં થતું નથી અને પરીક્ષા અભ્યાસક્રમ દ્વારા પણ થતું નથી.ખરૂં ઘડતર ઘેર જ થાય છે. જીવનના કુમળા વર્ષોમાં થાય છે અને શીખનારને અને શીખવાડનારને ખબર પણ ના પડે તેવી રીતે થાય છે ઘરમાં સુંદર અને આનંદી વાતાવરણ સર્જીએ અને સ્વસ્થ અને આનંદ બાળકના નિર્માણમાં સહભાગી બનીએ. **- ફાધર વાલેસ**

## 'કુનાલ ! તું હજી પ્રગતિપત્રક નથી લાવ્યો ?'

'અરે કુનાલ ! તું હજી પ્રગતિપત્રક નથી લાવ્યો ? બધાં જ છોકરાઓએ વાલીની સહી કરાવીને પ્રગતિપત્રકો આપી દીધાં ને હજી તારું પ્રગતિપત્રક નથી આવ્યું ? આવું કેવી રીતે ચાલે ? આજે ચાર દિવસ થયાં..'

'બેન ! મારા પપ્પા બહારગામ ગયા છે.'

'તે મમ્મીની સહી કરાવીને લઈ આવ'

'પણ બેન ! મમ્મીને ટાઈમ જ નથી મળતો'

'હવે એવું તે કંઈ હોતું હશે ! સહી કરતાં તો કેટલી વાર લાગે ! કાલે જો પ્રગતિપત્રક નહીં લાવે તો પછી મારે તને વર્ગમાં નહીં બેસવા દેવાય... સમજ્યો !'

અને આ સાંભળી કુનાલ ભારે ચિંતામાં પડી ગયો. પાંચમાં ધોરણમાં ભણતો કુનાલ, પરીક્ષાનાં માર્ક્સ્ વર્ગમાં કહયાં એ દિવસે તો તેણે ઘેર જઈને મમ્મીને જે વિષયમાં ઓછાં હતાં તેમાં ઉમેરી ઉમેરીને મોઢે વધુ માર્ક્સ્ કહી દીધાં.. મમ્મી પણ ખુશ થઈ ગઈ ને દાદા દાદી આગળ પણ એની ખુશાલી વ્યક્ત કરી, મામા માસી આગળ પણ વટ માર્યો કે 'મારો કુનાલ તો હોંશિયાર છે' કુનાલ તો આ બધું સાંભળે ને અંદર ને અંદર મૂંઝાયા જ કરે.. 'હવે શું કરીશ ?' અને તેમાંય પ્રગતિપત્રક આવ્યું. 'હવે ! સહી કેવી રીતે કરાવવી ? મમ્મી માર્ક્સ્ માટે તો પૂછશે જ ને ! પપ્પાને પણ ખબર પડશે... ને પપ્પાનો ગુસ્સો તો જોયો છે ! એ તો મને ધીબી જ નાંખશે... બાપરે ! હવે શું !

લાવને ! જરા સરસ પેન લઈને સુધારી તો જોઉં ! પછી મમ્મી ઉતાવળમાં હશે ત્યારે લાગ જોઈને ઝટપટ સહી કરાવી લઈશ..' પણ પેનથી લખેલા માર્ક્સ્ સુધાર્યા હોય ને ખબર પડયા વીના રહે ખરી ! કુનાલની અકળામણનો પાર ન હતો. ચાર ચાર દિવસ સુધી દફતરમાં જ પ્રગતિપત્રક દાબી રાખ્યું ને આખરે મમ્મી પાસે સહી કરાવવા આપ્યું ને એ જોઈ મમ્મી એકદમ ચમકી..'કુનાલ ! આ શું ? કેમ આ પ્રગતિપત્રકમાં ચેકચાક છે ?'

'એ તો બેનથી ઉતાવળમાં ભૂલથી ખોટાં માર્ક્સ્ લખાઈ ગયા હતાં એટલે એમણે પછી સુધાર્યા છે..' કુનાલે એક જૂઠાણામાંથી જૂઠાણાની હારમાળા ચલાવવી પડી.. પણ મમ્મીને કંઈ સંતોષ થાય !

એ તો સ્કુલમાં મળવાં આવ્યાં, આચાર્યા બેનને મળ્યાં ને ચકાસણી કરી તો બધી જ વાત સમજાઈ ને એમને એક ઘેરો આઘાત લાગ્યો.. પાંચમાં ધોરણમાં ભણતો કુનાલ, હજી ઉગીને ઉભા થતા કુનાલની આ હિંમત ! એને આવો વિચાર જ કેમ આવ્યો ! 'મારો દિકરો આવું જૂઠું બોલે ! મેં એને બાળપણથી જ સારા સંસ્કાર આપવા માટે કેટકેટલી મથામણ કરી છે ! ને છતાંય એણે આવું કેમ કર્યું !'

કુનાલની મમ્મીનાં મગજમાં પ્રલય ધમસાણ ચાલી રહ્યું હતું..'હા.. માને સતત થયા જ કરે છે કે મારો કુનાલ ખૂબ હોંશીયાર થવો જોઈએ. આજકાલ દરેક માબાપ એમ જ ઈચ્છે છે કે તેમનું સંતાન ટોપર હોવું જોઈએ. તેમને માટે તે પ્રતિષ્ઠાનો વિષય છે અને એટલે એને ભણવા માટે સતત દબાણ કર્યા જ કરે છે. પરીક્ષાનો એક 'હાઉ' એના મગજમાં ઉભો કરી દે છે. જીવનમાં લગભગ ૨૧ વર્ષ સુધી જે પરિસ્થિતિનો સામનો કરવાનો છે એજ પરિસ્થિતિનો એક ડર ઉભો કરે છે. આ સતત દબાણને કારણે તેને ભણવામાંથી ય રસ ઉડી જાય છે. ઉપરથી સતત ટોક્યા જ કરે કે 'ભણવું જ ક્યાં ગમે છે ?' 'ઢ રહેવાનો છે' અને આમ એનો રસ તો ભણવામાંથી ઉડે જ છે પણ તેનો આત્મવિશ્વાસ પણ ડગી જાય છે, એ સારા માર્ક્સ્ ક્યાંથી લાવી શકે ! એને ય એની માને દુઃખી કરવી નથી ગમતી... પણ એની ક્ષમતાને ય મર્યાદા તો હોય ને ! માની અમર્યાદિત મહત્વાકાંક્ષા અને વધુ પડતી અપેક્ષાને કારણે આવા કેટકેટલા નાદાન કુનાલ માને ખુશ કરવા એક પછી એક ભૂલોની પરંપરા સર્જે છે ! આનેમ ટે જવાબદાર કોણ !!!! આપણા સંતાનની શક્તિ અને ક્ષમતાને સમજતા અને સ્વીકારતા આપણે શીખવું જ પડશે.

**ઊર્મિલા શાહ**

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

વર્ષો બાદ કૃષ્ણ સુદામા મળ્યા એ પ્રસંગ આવરી લેતા પ્રેમાનંદના સુદામાચરિતની પ્રખ્યાત પંક્તિ "હા જી નાનપણાનો નેહ મને કેમ વિસરે રે" - મને અવારનવાર યાદ આવે છે. શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મળવાનો એકપણ અવસર હું ચૂકતો નથી. હજુપણ મુ.દિનુભાઈ અને અન્ય શિક્ષકો જે ઉષ્મા અને ઉમળકાથી બોલાવે છે તે જોઈને મારું હૈયું ભરાઈ આવે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આગવી હૂંફથી એકબીજાને મળી શકે, સ્મરણો વાગોળી શકે તે માટે તા.૧૩-૧-૨૦૦૮ને રવિવારે સવારે ૯-૩૦ વાગ્યાથી નવા શારદામંદિર ખાતે એક સ્નેહમિલનનું આયોજન કર્યું છે. બધા હળીશું, મળીશું અને હળવું ભોજન લઈને છૂટા પડીશું. બે વર્ષ પહેલા આવા સ્નેહમિલનમાં પ્રખ્યાત હાસ્યવિદ શ્રી શાહબુદ્દીન રાઠોડે આપણને હાસ્યના વરઘોડામાં તરબોળ કરી દીધા હતા. તો ગયા વર્ષે શારદામંદિરના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી સંજય ઓઝા, શ્રીમતી રૂપલ ઓઝા અને અનાર કઠિયારાએ સુગમ સંગીતનો સુંદર કાર્યક્રમ આપ્યો હતો. શ્રી તુષારભાઈ શુક્લની હાજરીથી સોનામાં સુગંધ ભળી. આ સ્નેહમિલનમાં ઉલટભેર જોડાવા સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સહકુટુંબ આહવાન અને આમંત્રણ છે. જે વિદ્યાર્થીઓ એલમ્ની એસોસીએશનના સભ્ય થયા નથી તેઓ પણ આમાં ભાગ લઈ શકશે. આ માટે શાળાની ઓફિસમાં વ્યક્તિ દીઠ રૂ.૭૫/- ભરી આપ રજીસ્ટ્રેશન કરાવી લેશો તેવી વિનંતી છે. અને જે કોઈ વિદ્યાર્થી મિત્રોના સંપર્કમાં હો તો તેમને પણ આ માહિતી આપશો તેવી વિનંતી છે.

"વિતેલા બાળપણનો હાથ ઝાલીને જરા નીકળો,<br>
નર્યા વિસ્મયની ક્ષણનો હાથ ઝાલીને જરા નીકળો.

**શારદામંદિર એલમ્ની એસોસીએશન વતી**

**અમર ભટ્ટ.**

સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંમેલનમાં સામેલ થવાનું ગમશે. સાથેસાથે ભૂતપૂર્વ શિક્ષકોને પણ મળવાનો લાભ સૌને મળશે. સૌ કોઈ એલમ્ની એસોસીએશનના સભ્ય બની જાય તેવી વિનંતી છે. ઉપરોક્ત કાર્યક્રમમાં જેઓ એલમ્ની એસોસીએશનના સભ્ય થયા નથી તેઓ પણ સામેલ અવશ્ય થઈ શકશે. કદાચ બે કે ત્રણ પેઢી પણ એકસાથે આવે એની રાહ જોઉં છું.

**દિનુભાઈ દવે**<br>
**નિયામક.**

**શ્રધ્ધાંજલિ :**

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ કામેશ અમીનના આકસ્મિક અવસાનની નોંધ લેતા સૌને ભારે દુઃખ થયું છે.ભાઈ કામેશ અત્યંત તેજસ્વી અને તરવરાટવાળા હતા. ભરયુવાનવયમાં અવસાનથી એમના કુટુંબીજનોને માથે આવી પડેલ આ આઘાત સહન કરવાની ઈશ્વર શક્તિ આપે અને ભાઈ કામેશના આત્માને ઈશ્વર શાશ્વત શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

ગણેશચતુર્થીએ ગણપતિદાદાનું સ્થાપન કરવામાં આવ્યું. બાળકોને સમૂહવાર્તા દ્વારા ગણપતિદાદાનું મહત્વ સમજાવ્યું. ૨૫-૯-૦૭ને મંગળવારે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું.

તા.૨૦-૧૦-૦૭ને શનિવારે નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. હલકભેર ગરબાની ખૂબ સુંદર રીતે રજૂઆત કરવામાં આવી..

ગાંધી જયંતિ નિમિત્તે સાબરમતી આશ્રમ અને રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવન વૃતાંત વિષે બાળકોને માહિતીસભર વાતો કરી.

દિવાળી વેકેશન પહેલા બાળકોને સફાઈનું મહત્વ સમજાવ્યું. ઘેર આવતા મહેમાનનું સ્વાગત કેવી રીતે કરવું એની સમજ આપી. સુશોભનમાં કંકુના સાથિયા, તોરણ, રંગોળી તેમજ દિવાળી કાર્ડ બનાવ્યા. ધનતેરસના દિવસનું મહત્વ સમજાવી પ્રત્યક્ષ લક્ષ્મીપૂજન કરાવ્યું.

તા.૨૬-૧૧-૦૭ને સોમવારથી શાળાનું બીજુ સત્ર શરૂ થયું.

૬-૧૨-૦૭ના રોજ ત્રણેય વિભાગના બાળકોએ પપેટ શો નિહાળ્યો. મગર અને ધોબી, સાપ અને મદારીની બડાઈ તેમજ રશિયન કલાકારોના રાસગરબા નિહાળી બાળકો આનંદમાં આવી ગયા.

તાલીમના બાળકોને આકાશદર્શનના પાઠ દ્વારા ચંદ્રની વિવિધ કળાઓ સમજાવી માસ દરમ્યાન ચંદ્રમાં થતા ફેરફારો સમજાવવામાં આવે છે.

કમ્પ્યૂટરના માધ્યમ દ્વારા બાળકોને અવનવી શૈક્ષણિક રમતો આપવામાં આવે છે. બાળકોને આ રમતો દ્વારા ભણવામાં પણ પ્રોત્સાહન મળે છે.

શિયાળાની શરૂઆત થતા જ બાળકોને વહેલી સવારે કસરતથી થતા ફાયદા અંગે સમજ આપી કસરતના જુદા જુદા દાવ કરાવવામાં આવે છે. બેન્ડના તાલે બાળકો ખૂબ સરસ રીતે કસરત કરે છે.

## શિશુમંદિર

તા.૧૬-૧૦-૦૭ના રોજ નવરાત્રિ નિમિત્તે શક્રાદય સ્તુતિ ભવાનિષ્ટકમ્ અને ભગવતી પાઠ પ્રાર્થનામંદિરમાં ધોરણ ૧ થી ૭ના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. આખું ય વાતાવરણ ભક્તિસભર બની રહ્યું.

**પ્રવાસો :**

તા.૯ ઓકટોબર ૨૦૦૭ ધો.૧ અને ૨ માટે મહુડી, અમરનાથ,તિરૂપતિ નેચરપાર્ક, તા.૧૨-૧૩ ઓકટોબર ધો.૩ અને ધો.૪ માટે પાલીતાણા અને તા.૨૩-૨૪ ઓકટોબર ૨૦૦૭ ધો.૫,૬,૭ માટે ભીલડીયાજી, પાટણ, ઉંઝા, બાલારામનાં પ્રવાસો યોજાયા.

દર્પણ એકેડમી તરફથી યોજાયેલ આંતરશાળાકીય નાટયસ્પર્ધામાં ધો.૫,૬,૭નાં વિદ્યાર્થીઓએ પ્રકાશભાઈ લાલા લેખિત 'બાળ અદાલત' નાટક તા.૩-૧૧-૦૭નાં રોજ રજૂ કર્યું. રજૂઆત ખૂબ સારી રહી. શ્રી મલ્લિકાબેન સારાભાઈએ આપણા નાના બાળકોના અભિનયની ખૂબ પ્રશંસા કરી.

તા.૩૦-૧૧-૦૭ના રોજ જાણીતા એકયુપ્રેશરના નિષ્ણાત ડૉ.મુગુટલાલ જે થાનકીએ શિશુમંદિર અને વિનયમંદિરના વિદ્યાર્થીઓ સમક્ષ 'શિવામ્બુ ચિકિત્સા અને એકયુપ્રેશર' વિષે માહિતીસભર પ્રવચન આપ્યું.

શિશુમંદિરના બાળકોએ તૈયાર કરેલ નાટક 'બાપુ અને બાળકો' નું રેકોર્ડિંગ દૂરદર્શન પર રજૂ કરવામાં આવ્યું.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **આરતી સ્પર્ધા :** | તા.૧૯-૧૦-૦૭ | | |
| | પ્રથમ | અનુરાગ દલાલ | મેઘનાદ |
| | દ્વિતીય | માનસી મહેતા | ગંગોત્રી |
| | | નેન પટેલ | ગંગોત્રી |
| | | ખુશ્બુ ઠક્કર | રત્નદીપ |
| | તૃતીય | ધરન કોઠારી | ધવલગિરિ |
| **તોરણ સ્પર્ધા :** | તા.૧૯-૧૦-૦૭ | | |
| | પ્રથમ | આયુષ શાહ | ધવલગિરિ |
| | દ્વિતીય | શૈવલ દવે | મેઘનાદ |
| | | ખુશ્બુ પારેખ | ગંગોત્રી |
| | તૃતીય | હીર સોનેજી | રત્નદીપ |
| **રંગોળી સ્પર્ધા :** | તા.૨૬-૧૦-૦૭ | | |
| | પ્રથમ | હેલી સોપારકર | ગંગોત્રી |
| | દ્વિતીય | શૈલી શાહ | રત્નદીપ |
| | તૃતીય | નિરાલી ભટ્ટ | ધવલગિરિ |
| **દિવાળી કાર્ડ સ્પર્ધા :** | તા.૨૬-૧૦-૦૭ | | |
| | પ્રથમ | માર્ગી જોષી | મેઘનાદ |
| | દ્વિતીય | રાહિલ અગ્રવાલ | ગંગોત્રી |
| | તૃતીય | ખુશી બ્રોકર | મેઘનાદ |
| **તબલા સ્પર્ધા :** | તા.૧૨-૧૨-૦૭ | | |
| | પ્રથમ | હર્ષ શાહ | ગંગોત્રી |
| | દ્વિતીય | રીતેશ જોષી | ગંગોત્રી |
| | તૃતીય | મીત ભટ્ટ | મેઘનાદ |
| | | કેવલ શાહ | રત્નદીપ |

નિર્ણાયક તરીકે શ્રી પ્રહરભાઈ વોરાએ સેવા આપી.

### શ્રી રમણલાલ સોની જન્મ શતાબ્દી નાટયોત્સવ

તા.૨૨મી સપ્ટેમ્બરને શનિવારનાં રોજ શારદામંદિર શિશુમંદિરના બાળકોએ જાણીતા બાળસાહિત્યકાર શ્રી રમણલાલ સોનીની જન્મશતાબ્દીની ઉજવણી નિમિત્તે તેમની પાંચ વાર્તાઓને નાટયસ્વરૂપે રજૂ કરી.આ પ્રસંગે શ્રી રમણલાલ સોનીનાં સુપુત્ર ડૉ.શ્રીરામભાઈ અને પુત્રવધુ ડૉ.શ્રીમતી રેણુકાબેન ઉપરાંત શ્રી રમણલાલ સોની જન્મ શતાબ્દી સમિતિના સભ્યો પણ ઉપસ્થિત રહયા હતા.

શ્રીમતી ડૉ.ઊર્મિલાબેન શાહે મહેમાનોનું સ્વાગત કર્યું હતું જાણીતા બાલસાહિત્યકાર શ્રી યશવંતભાઈ મહેતાએ અત્યંત રસાળ શૈલીમાં શ્રી રમણલાલ સોનીનો અને તેમના સાહિત્યનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના નિયામકશ્રી દિનુભાઈએ જણાવ્યું હતું કે શ્રી રમણભાઈ સોનીનું બાલસાહિત્ય ખૂબ વિપુલ છે, રસાળ છે, બોધદાયક છે,અને તેમાં કયાંય અશિસ્તતાનો અણસાર જોવા મળતો નથી. તેમનું કોઈપણ પુસ્તક લઈએ તો તે રસપૂર્વક વાંચીને પૂરું કરવાનું હમેશા મન થાય છે. પ્રો.સુરેશભાઈ શાહે પણ બાળકોને પ્રોત્સાહિત કરતું વકતવ્ય રજૂ કર્યું. બાળકોએ રજૂ કરેલાં પાંચ નાટકોનાં અભિનય અને અભિવ્યક્તિથી સૌ કોઈ ખૂબ પ્રભાવિત થયા હતાં. ડૉ.શ્રીરામભાઈએ ભાગ લેનાર દરેક બાળકને શ્રી રમણભાઈની એક એક પુસ્તિકા ભેટ આપી અને એમને ધન્યવાદ આપ્યા. ડૉ.રેણુકાબેને પાંચેય નાટકોમાંથી સારો અભિનય કરનાર બાળકોને ઈનામો આપી ખૂબ બિરદાવ્યાં.

## વિનયમંદિર

**ઈનામ વિતરણ સમારંભ :**

તા.૧૫-૧૦-૦૭ના રોજ એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી અપાતા એવોર્ડ વિતરણ સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે શારદામંદિર તરફથી અપાતા બોર્ડના ઈનામોનો વિતરણ વિધિ પણ સાથે જ યોજાયો હતો. આ ઈનામો સંસ્થાના નિયામક મુ.શ્રી દિનુભાઈનાં વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યાં.કૉ.ઑ.ર્ડિનેટર શ્રી ઊર્મિલાબેને સૌનું સ્વાગત કર્યું હતું. વિનયમંદિરનાં આચાર્ય શ્રી દિનેશભાઈ ઓઝાએ આભાર વ્યક્ત કર્યો.

**પ્રો.રાવની જન્મશતાબ્દી :**

તા.૩૦-૯-૨૦૦૭ને રવિવારના રોજ શારદામંદિરનાં પ્રાર્થનામંદિરમાં પ્રાધ્યાપક એ.આર.રાવ સાહેબની જન્મશતાબ્દી ઉજવવામાં આવી. આ પ્રસંગે પ્રમુખસ્થાને પ્રા.શ્રી પી.સી.વૈદ્યસાહેબ ઉપસ્થિત રહ્યાં અને વિક્રમ એ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરનાં ભૂતપૂર્વ ડાયરેકટર ડૉક્ટર મધુકર મહેતા અતિથિ વિશિષ તરીકે હાજર રહ્યાં. આ પ્રસંગે 'સુગણિતમ્'ના ખાસ વિશેષાંકનો પણ વિમોચન વિધિ કરવામાં આવ્યો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**આરતી સ્પર્ધા :** તા.૩૦-૧૦-૦૭

| | | |
|---|---|---|
| પ્રથમ | દ્રષ્ટિ ઠક્કર | ગીતગોવિંદ |
| દ્વિતીય | પલક મહેતા | ગીતગોવિંદ |
| તૃતીય | પ્રિયંકા વ્યાસ | પદ્મપુકુર |

**તોરણ સ્પર્ધા :** તા.૩૦-૧૦-૦૭

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋતુ શાહ | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | પ્રાર્થના ઠક્કર | પદ્મપુકુર |
| | નિરાલી ત્રિવેદી | ચંદ્રમૌલિ |
| તૃતીય | નુપુર બ્રહ્મભટ્ટ | ગીતગોવિંદ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૧-૧૧-૦૭

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋત્વી મહેતા | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | દ્રષ્ટિ ઠક્કર | ગીતગોવિંદ |
| | પ્રિયંકા વ્યાસ | પદ્મપુકુર |
| તૃતીય | બિરવા શાહ | ચંદ્રમૌલિ |

**રંગોળી સ્પર્ધા :** તા.૧-૧૧-૦૭

| | | |
|---|---|---|
| પ્રથમ | અદ્વૈતા હળવદિયા | પદ્મપુકુર |
| દ્વિતીય | વિરતી શાહ | મેઘદૂત |
| તૃતીય | દ્રુમા પરીખ | ચંદ્રમૌલિ |

## શારદામંદિરમાં ગાંધીજી

સ્વતંત્ર સેનાનીઓના બાળકો શારદામંદિરમાં ભણતાં હોઈ સહેજે એ જમાનામાં ગાંધીજીનો ઘનિષ્ઠ સંબંધ શારદામંદિર સાથે રહ્યો છે. શારદામંદિરના સંસ્થાપકોમાંના એક શ્રી ચંદુભાઈ દવે તો તેમના નજીકના વિશ્વાસુ કાર્યકર પણ રહી ચૂક્યા હતા. ગાંધીજીએ તેમને કેટલીક જવાબદારી સોંપેલી જેનો ઉલ્લેખ ગાંધીજીના "અક્ષરદેહ" માં વારંવાર જોવા મળે છે. આ ઉપરાંત શ્રી જમનાલાલ બજાજની બે દીકરીઓ પણ શારદામંદિરમાં એ સમયે ભણતી હતી. શ્રી પ્રભાશંકર પટણી ઉપર ગાંધીજીએ શારદામંદિરને મદદરૂપ થવા ભલામણ કરેલી.

તા. ૩૦-૭-૧૯૩૩ના ગુજરાત સમાચારમાં સંસ્થાના ૧૦માં સ્થાપનાદિન પ્રસંગે ગાંધીજી શારદામંદિરમાં આવ્યા હતાં તેનો તેના તે જ સ્વરૂપે અહેવાલ "શારદ"માં મૂકતાં આનંદ થાય છે.

## અહેવાલ ( ગુજરાત સમાચાર તા.૩૦-૭-૩૩)
## શારદામંદિરમાં ગાંધીજી

તા. ૨૯-૭-૩૩ને રોજ.શારદામંદિરનો સ્થાપનાદિન હોવાથી બપોરના ૧૨ વાગે મહાત્મા ગાંધીજી શારદામંદિરના બાળકોને આશીર્વાદ આપવા પધાર્યાં હતાં. પ્રથમ પૂ.ગાંધીજીએ શારદામંદિર બાલમંદિરના અઢી થી સાત વર્ષની ઉમરનાં બાળકોના કલાના નમૂના ઘણી પ્રસન્નતા સાથે જોયા હતા. ત્યારબાદ પૂ.ગાંધીજીએ આસન લીધા બાદ સંસ્થાના બાળકોની પ્રાર્થના થઈ હતી. તે પછી પૂ. ગાંધીજીએ આશીર્વાદ આપતાં નીચે પ્રમાણે કહ્યું હતું "જો કે હું વિનોદ કરી શકું છું પણ અત્યારે મારી પાસે તેનો વખત નથી, અત્યારે મારો વખત પારકો છે એટલે વધારે વખત બગાડું તો ચોરી કહેવાય . અત્યારે હું બીજાનો વખત ચોરીને આવ્યો છું.તમને ખબર છે કે હું કોનો વખત ચોરીને આવ્યો છું ?મોટી બાળામાંથી કોઈ મને કહી શકશે કે હું કોનો વખત ચોરીને આવ્યો છું? (કોઈએ જવાબ ના આપ્યો એટલે) હારી ગયાને ?" એવો વિનોદ કર્યો હતો બાદ આગળ બોલતાં ગાંધીજીએ કહ્યું હતું કે શારદામંદિર અને તેના બાળકોને હું આશીર્વાદ આપું છું કે તમે સંસ્થાને શોભાવજો અને તેમ કરી તમે પણ શોભજો પણ તે કેવી રીતે શોભાવી શકાય તેની તમને ખબર છે ? "દેશની સેવા સાચે માર્ગે કરીને ".

શ્રી સવિતાબેન ત્રિવેદીએ બાપુજીને બાળકો અને શિક્ષકો તરફથી હરીજન સેવા માટે રૂ. ૧૦૧ ભેટ આપી સુતરનો હાર પહેરાવ્યો.

## સંસ્થાનું ગૌરવ

**ઋષિ ઘડાવાલા**

સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી ઋષિ ઘડાવાલા 'આર્યાવર્ત' પ્રોજેકટ પર કામ કરી રહ્યો છે. આ પ્રોજેકટમાં તેને ભારતનાં ભૂતપૂર્વ પ્રેસીડન્ટ અને પ્રખર વૈજ્ઞાનિક ડૉ.અબ્દુલ કલામનું સતત માર્ગદર્શન અને પ્રેરણા મળતાં જ રહે છે. ૨૪ મીથી ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૭ ના રોજ હૈદ્રાબાદ ખાતે યોજાયેલ International Astronautical Cogress માં તેને તેનો પ્રોજેકટ રજૂ કરવાની તક મળી હતી. એનું Space vehicle Sateliteની Orbit એક પ્લેનેટ પરથી બીજા પર બદલી શકે છે. એની પસંદગી International Lunair Observatory Society નાં મેમ્બર તરીકે અને International Astonautical Federationનાં Students chapter નાં મેમ્બર તરીકે થઈ છે. ભાઈ ઋષિને ISRO, NASA, ESA , DLR અને CSA તરફથી વધુ અભ્યાસ અને પ્રોજેકટ માટે સ્પોન્સરશીપની ઓફર મળી છે તે પણ ખૂબ ગૌરવની વાત છે. ભાઈ ઋષિ હજી ભવિષ્યમાં સિધ્ધિના સોપાનો સર કરે તેવા શુભાશિષ.

**ક્રિકેટ :**

ધો.૮માં ભણતી **ઉત્સવી ભટ્ટ** ગુજરાત વિમેન્સ અન્ડર ૧૯ ક્રિકેટ ટીમમાં માટે ગુજરાત ક્રિકેટ એસોસીએશન તરફથી પસંદગી પામી.

**રામાનુજન ગણિત સ્પર્ધા :**

રામાનુજન ગણિત સ્પર્ધામાં ગુજરાતમાંથી પસંદગી પામ્યા બાદ ભાઈ **સંવિત શાહ** હવે રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામ્યાં છે.

નવી દિલ્હી ખાતે બ્રેનોબ્રેન ફેસ્ટ-૦૭ તરફથી યોજાયેલ નેશનલ લેવલની સ્પર્ધામાં **ટંકશાળી કરણ** પ્રથમ આવ્યા છે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com
Fax : (079) 26622480